PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૯/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૩૭૬૫-૧ તારીખ : ૨૨-૧૧-૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
પ્રમુખ શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ
પટેલવાડી, બેડીપરા,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૯૮૨૫૧૩૩૯૦૪

વિષય : વિજબીલની બાકી રકમ અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૭-૧૦-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૯/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, આજી-૨ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૯/ક્વા-૩/૨૩-૨૪/ 3754-1 તા. 22-11-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૦૯/ક્વા-૩/૨૩-૨૪, તા.૧૮-૧૦-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : પ્રમુખ શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ, ગામ : રાજકોટ |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેમના પ્રતિનિધિશ્રી અલ્પેશ કે લુણાગરીયા અને રમેશભાઈ બી. અકબરી હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા પક્ષકાર-૧ | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૧ |
| રજૂઆત કરનાર | : શ્રી ટી. જે. ગોસ્વામી અધીક્ષક હીસાબનીશ, વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧ અને શ્રી બી.એમ.કોટડીયા, નાયબ ઈજનેર, આજી-૨ પેટાવિભાગીય કચેરી, રાજકોટ |

## :: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી આર.સી.પટેલ |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૦૭.૧૧.૨૦૨૩ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૭.૧૧.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર પ્રમુખ શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ આજી-૨ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૮૭૨૦૭/૦૧૧૭૭/૬ થી ૪૫ કિ.વો.નુ LTMD વીજજોડાણ ધરાવે છે.

૨.૧ પીજીવીસીએલ દ્વારા તા.૨૧.૦૯.૨૦૨૩ ના પત્રથી લેબરીપોર્ટ મુજબ રૂ.૧૨૭૬૬૯=૫૯ ભરપાઈ કરવા જણાવેલ છે, જે રકમ ખુબજ વધારે હોય, જે અન્યાયી લાગતા અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૨.૨ સદર ફરિયાદનું નિરાકરણ ન આવે ત્યાં સુધી વીજજોડાણ ડિસ્કનેક્ટ ન કરવા તેમજ સદર બીલની રકમ ઉપર કોઈ દંડનીય રકમ ન લગાવવા વિનંતી કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારના પત્ર નં- ૫૫૬૨ તા.૨૫.૧૦.૨૦૨૩ મુજબ વિગતવાર અહેવાલ નીચે મુજબ રજુ કરેલ છે.

૩.૧ ફરિયાદી અરજદાર શ્રી પ્રમુખ સમસ્ત લેઉવા પટેલ નામથી **LTMD** ૪૫ **KW** કનેક્શન ધરાવે છે જેના ગ્રાહક નંબર ૮૭૨૦૭૦૧૧૭૭૬ છે અને સદર વીજજોડાણમાં સોલર રૂફટોપ તા.૧૮-૦૫-૨૦૨૨ ના રોજ મીટર નંબર **LTBTC000760** લગાવવામાં આવેલ હતું. સદર મીટર તા.૩૧-૦૮-૨૦૨૩ ના રોજ બદલવામાં આવેલ અને જેની લેબોરેટરી ટેસ્ટીગ તા.૧૨-૦૯-૨૦૨૩ ના રોજ ગ્રાહકની હાજરીમાં કરવામાં આવેલ. લેબ ટેસ્ટીંગ વખતે આ મીટરનો **R** ફેઈઝની સીટીની પોલારીટી રીવર્સ માલુમ પડેલ અને મીટરનો ઈમ્પોર્ટ ટેસ્ટ ૩૩.૧૬૨% (સ્લો) અને એક્સપોર્ટ ટેસ્ટ +૩૩.૧૬૨% (ફાસ્ટ) માલુમ પડેલ. મીટરના ડિસ્પ્લે પેરામીટર સીટમાં પણ આ બાબતનું અનુમોદન થાય છે.

૩.૨ લેબ રીપોર્ટ મુજબ મીટરનું છેલ્લુ વાંચન ઇમ્પોર્ટ યુનિટ-૨૨૩૭૯ અને એક્સપોર્ટ યુનિટ-૨૭૩૨૧ નોંધાયેલ છે. તેમજ મીટરમાં ૩૩% સ્લોનેશ માલુમ પડેલ હતુ. લેબરીપોર્ટ મુજબ સ્લોનેશની ગણતરી મે-૨૦૨૨ થી કરીને તફાવતના ૧૭૫૪૨ યુનિટ લેખે કુલ રિકવરી કરવાપાત્ર રકમ રૂ.૧,૨૭,૬૬૩=૫૯ નું પુરવણી બીલ આજી-૨ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહકશ્રીને પત્રનંબર નાઈ/આજી-૨/રેવ/૭૬૯૧/૨૧/૦૯/૨૦૨૩ થી આપવામાં આવેલ હતું.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૩.૩ સદર કેશમાં લેબ મુજબ અને એમઆરઆઈ મુજબ જે સ્લોનેશ માલુમ પડેલ તેને ધ્યાને લઈને મહિના મુજબ બિલની ગણતરી કરવામાં આવેલ હતી અને બિલ્ડ તથા ટુ બી બિલ્ડના તફાવત મુજબ સ્લોનેશનું બિલ ગ્રાહકશ્રીને આપવામાં આવેલ છે. જે ભરવાપાત્ર થાય છે હાલ કનેક્શન ચાલુ છે.

## ::હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર પ્રમુખ શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ આજી-૨ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૮૭૨૦૭/૦૧૧૭૭/૬ થી ૪૫ કિ.વો.નુ **LTMD** વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારને પીજીવીસીએલના પત્ર નં-૭૬૯૧ તા.૨૧.૦૯.૨૦૨૩ થી લેબ રીપોર્ટ મુજબ સ્લોનેશનું બીલ ગણતરીપત્રક સાથે ૧૭૫૪૨ યુનીટનું રૂ.૧,૨૭,૬૬૩=૫૯ નું પુરવણી બીલ આપેલ છે, જેની સામે અરજદારને અન્યાય લાગતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ અરજદારના સદર વીજજોડાણમાં રજુ કરેલ સોલર રૂફટોપ એગ્રીમેન્ટ ગુજરાત સોલાર પાવર પોલીસી-૨૦૨૧ હેઠળ થયેલ છે, તે અનુસંધાને તા.૧૮-૦૫-૨૦૨૨ ના રોજ મીટર નંબર **LTBTC000760** લગાવવામાં આવેલ હતું, જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.18.05.2022 | New Bi-Directional Meter Dt. 18.05.2022 |
|---|---|---|
| Make | Vision Tek | Schneider |
| Meter No | PG 148008 | LTBCT 000760 |
| Capacity | 100/5A | 100/5A |
| C. Reading | 58913 | 3 |
| Remarks | Performa-15 No. RCC 993733 | |

૪.૪ સદર અરજદારના ગ્રાહક નં ૮૭૨૦૭/૦૧૧૭૭/૬ ના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ સોલાર બાય-ડાયરેકશનલ લગાડ્યા બાદ થયેલ વીજ વપરાશની વિગત નીચે મુજબ છે.

| Billed Month | INITIAL IMP RDG | LAST IMP RDG | DIFF IMP | INITIAL EXP RDG | LAST EXP RDG | DIFF EXP | BILL DATE | Net Cons. | Generation Meter Reading | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | PAST | PRESENT | DIFF |
| 1 | 2 | 3 | 4=3-2 | 5 | 6 | 7=6-5 | 8 | 9=4-7 | 10 | 11 | 12= 11-10 |
| MAY,22 | | | | | | | 18-05-22 | | 66702 | 69320 | 2618 |
| JUN,22 | 3 | 5 | 2 | 3 | 5 | 2 | 06-07-22 | 0 | 5 | 5 | 0 |
| JUL,22 | 5 | 3233 | 3228 | 5 | 4024 | 4019 | 22-07-22 | -791 | 5 | 5990 | 5985 |
| AUG,22 | 3233 | 4491 | 1258 | 4024 | 5539 | 1515 | 24-08-22 | -257 | 5990 | 8309 | 2319 |
| SEP,22 | 4491 | 5784 | 1293 | 5539 | 7515 | 1976 | 26-09-22 | -683 | 8309 | 11674 | 3365 |
| OCT,22 | 5784 | 7237 | 1453 | 7515 | 9195 | 1680 | 21-10-22 | -227 | 11674 | 14349 | 2675 |
| NOV,22 | 7237 | 8712 | 1475 | 9195 | 11241 | 2046 | 26-11-22 | -571 | 14349 | 17547 | 3198 |
| DEC,22 | 8712 | 9367 | 655 | 11241 | 12170 | 929 | 20-12-22 | -274 | 17547 | 19131 | 1584 |
| JAN,23 | 9367 | 10359 | 992 | 12170 | 13762 | 1592 | 20-01-23 | -600 | 19131 | 21816 | 2685 |
| FEB,23 | 10359 | 12056 | 1697 | 13762 | 15785 | 2023 | 23-02-23 | -326 | 21816 | 25777 | 3961 |
| MAR,23 | 12056 | 13359 | 1303 | 15785 | 17457 | 1672 | 21-03-23 | -369 | 25777 | 28865 | 3088 |
| APR,23 | 13359 | 14793 | 1434 | 17457 | 19661 | 2204 | 24-04-23 | -770 | 28865 | 32290 | 3425 |
| MAY,23 | 14793 | 17275 | 2482 | 19661 | 21566 | 1905 | 25-05-23 | 577 | 32290 | 34323 | 2033 |
| JUN,23 | 17275 | 18863 | 1588 | 21566 | 23572 | 2006 | 21-06-23 | 418 | 34323 | 37404 | 3081 |
| JUL,23 | 18863 | 20141 | 1278 | 23572 | 25084 | 1512 | 20-07-23 | -234 | 37404 | 39920 | 2516 |
| *Aug-23* | 20141 | 21905 | 1764 | 25084 | 26794 | 1710 | 22-8-23 | 54 | 39920 | 42567 | 2647 |
| Total | 145678 | 167580 | 21902 | 186579 | 213370 | 26791 | | -4889 | 297405 | 339967 | 42562 |

૪.૫ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સવાલવાળા મીટરને તા.૩૧.૦૮.૨૦૨૩ ના રોજ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં કરાયેલ વીજસ્થાપન તપાસણી ચેકિંગ શીટ નં RCC 136082 મુજબ સોલાર જનરેશનની એમસીબી બંધ કરી રીડીંગ પેરમીટર લેતા આર ફેઇઝમાં -૩.૨૧ એમ્પીયર લેતા પ્રફોર્માં નં -૨૩૮૪૧૧ થી નવું સોલાર બાય ડાયરેકશનલ મીટર લગાડી જરૂરી લેબ પરીક્ષણ માટે જુનું મીટર પેટી સહીત જે તે સ્થિતિમાં ઉતારેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સદર મીટરની લેબ ચકાસણી તા.૧૨.૦૯.૨૦૨૩ ના રોજ અરજદાર ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં કરેલ તે મુજબ ત્રણેય સ્થિતિનું વાયરીંગ તપાસતા R-Phase સીટીના S1 અને S2 મીટર ટર્મિનલ બ્લોકમાં S2 અને S1 ક્રમશ: લગાડેલ છે, જ્યારે Y-Phase અને B-Phase નું વાયરીંગ બરાબર લાગેલ છે. મીટરની જેતે સ્થિતિમાં લોડ ટેસ્ટ લેતા ઈમ્પોર્ટ ટેસ્ટ -૩૩.૧૬૨% સ્લો આવે છે, અને એક્ષપોર્ટ KWh માં +૩૩.૧૬૨% બતાવે છે, તે જ રીતે એક્ષપોર્ટ ટેસ્ટ લેતા -૩૩.૨૦% સ્લો અને ઈમ્પોર્ટ KWh માં +૩૩.૨% થાય છે, આમ R-Phase સીટી રીવર્સ હોવાથી સદર બાબત બનેલ છે. તેમજ મીટરનો એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે. સદર મીટરના રીડીંગ પેરામીટર નીચે મુજબ નોંધાયેલ છે.

| ડિસ્પ્લે પેરામીટર | રીડીંગ |
|---|---|
| Volt-R | 236 |
| Volt-Y | 234 |
| Volt-B | 237 |
| Amp-R | -2.33 |
| Amp-y | 2.33 |
| Amp-B | 2.50 |
| Ph Seq. V | 1.yb |
| Ph Seq. A | 1.by |
| P F | 0.974 |
| KWH →+ | 22379 |
| KWH - ← | 27321 |
| Date | 12-09-23 |
| Time | 16:24:44 |

વધુમાં સદર મીટરના એમ.આર.આઈ. અહેવાલ મુજબ વીજવપરાશની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

૪.૬ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને લેબોરેટરી રીપોર્ટ તા.૧૨.૦૯.૨૦૨૩ ના આધારે ઈમ્પોર્ટ ટેસ્ટ -૩૩.૧૬% સ્લો અને એક્ષપોર્ટ ટેસ્ટ લેતા -૩૩.૨૦% સ્લો નોંધાયેલ છે, તે મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પેટાવિભાગીય કચેરીના પત્ર નં -૭૬૯૧ તા.૨૧.૦૯.૨૦૨૩ થી અરજદારને સ્લોનેશની ગણતરી દર્શાવતા પત્રક સાથે કુલ રૂ.૧૨૭૬૬૩=૫૯ ભરપાઈ કરવા જાણ કરેલ છે, જે અરજદારને અન્યાયી લાગતા અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. સદર ફરિયાદ ફોરમ દ્વારા પીજીવીસીએલ અને અરજદાર ગ્રાહક વચ્ચે ગુજરાત સોલાર પાવર પોલીસી -૨૦૨૧ મુજબ થયેલ કરારના ક્લોઝ નં -૧૪.૨ હેઠળ ફરિયાદની નોંધણી કરવામાં આવેલ છે.

૪.૭ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સવાલવાળા સોલાર બાય-ડાયરેક્શનલ મીટર અને સોલાર જનરેશન મીટર ચાલુ કર્યા બાદ નોંધાયેલ વીજવપરાશની વિગત નીચે મુજબ છે.

| Solar Bi-Directional Meter Make HPL Sr. No. PGBCT 001715 | | | | | Solar Generation Meter | |
|---|---|---|---|---|---|---|
| Particular | Import | | Export | | Reading | Date |
| Start | 3 | 18-05-22 | 3 | 18-05-22 | 5 | 18-05-22 |
| End | 22379 | 31-08-23 | 27321 | 31-08-23 | 43437 | 31-08-23 |
| Diff | **22376** | KWH | **27319** | KWH | **43432** | KWH |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત સવાલવાળા મીટરના ચેકિંગ શીટ તા.૩૧-૦૮-૨૦૨૩ અને લેબ રીપોર્ટ તા.૧૨-૦૯-૨૦૨૩ મુજબ R-Phase ની સીટીનું વાયરીંગ રીવર્સ થયેલ હોવાથી ૩૩.૧૬૨% સ્લો નોંધાયેલ છે, જે અન્વયે અરજદારને અપાયેલ રીવાઈઝ ગણતરીપત્રક મુજબ

| Solar Bi-Directional Meter Make L & T Sr. No. LTBCT 000760 | | | | | Net Billing (Import- Export) | |
|---|---|---|---|---|---|---|
| Particular | Import Unit | | Export Unit | | Difference | Remarks |
| As per Billed | (66.84%) | 21900 | 133.20% | **26789** | 4889 | Letter No.: DE/AJI-2/REV/7691 Dt:21-09-23 |
| To be billed | 100% | 32765 | 100% | 20112 | 12653 | |
| Diff Unit | | 10865 | | 6677 | **17542** | |

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબની વિગતે અપાયેલ ૧૭૫૪૨ યુનીટનું બીલ કે જે સામેવાળાના અધિકારીની ભૂલને કારણે ખામી યુક્ત વાયરીંગને લીધે સ્લોનેશ મપાયેલ છે, જેથી પુરવણીબીલ આપેલ છે, તે કોઈ દંડ નથી. વધુમાં પીજીવીસીએલની રજૂઆત મુજબ LIMITATION ACT ના ચેપ્ટર નં -17 Fraud and Mistake ના ક્લોઝ નં ૧૭.૧ નીચે મુજબ છે.

"In general, a peron's ignorance of his right to sue does not suspend the running of limitation. However, it has been recognised for a long time that "the right of a party defrauded is not affected by lapse of time......so long as he remains, without any fault of his own, in ignorance of the fraud which has been committed". Acting on this principle, section 17 provides that in the case of certain types of fraud, the period of limitation shall not start running until the fraud has been discovered. This, of course, is only a broad statement of the principle, several matters of detail which are dealt with in the section will be mentioned in due course.

More or less the same principle is applied by the Act where relief from the consequences of a mistake is the very basis of the cause of action, the period of limitation shall not begin to run until the plaintiff or applicant has discovered the mistake...."

૪.૯ ઉપરોક્ત વિગતો મુજબ, સદર સ્લોનેશ બાય-ડાયરેકશન મીટર ઇન્સ્ટોલ કરતી વખતે ખોટું વાયરીંગ થયેલ છે જે માનવીય ભૂલ (Bonafied Mistake on Human Error) માત્ર છે, મીટરકે વાયરીંગ ક્ષતિયુક્ત નથી અને મીટરમાં વીજવપરાશના યુનિટની નોંધણી પુરેપરી થયેલ નથી, જેની પૂર્તતા કરવા સદર ગ્રાહકને રકમ રૂ.૧૨૭૬૬૩=૫૯ નું પુરવણી બીલ અપાયેલ છે, જે નિયમાધીન યોગ્ય હોય, સદર

બીલ અરજદારે હુકમ મળ્યેથી દિવસ-૨૦ માં ભરપાઈ કરવાનું રહેશે. જેમાં કોઈ વિલંબિત ચુકવણી ચાર્જ પીજીવીસીએલ દ્વારા વસુલ કરવાનો રહેશે નહિ.

૪.૧૦ સામાવાળાએ અરજદારનો જે વીજવપરાશ ઓછો નોધાયેલ છે, તેનું નિયમિત દરે જ પુરવણી બીલ આપેલ હોય તે કોઇ દંડ નથી. વધુમાં અરજદારને અપાયેલ સદર સવાલવાળું બીલ ભૂલ ચૂક લેવી દેવી સબંધક અગાઉના સમયગાળાની ભૂલ સુધારણાના ભાગરૂપે સદર પુરવણીબીલ —89th REPORT OF LAW COMMN. OF INDIA ON THE LIMITATION ACT-1963 (Chapter -17 Section-17- i.e. Fraud and Mistake v અંતર્ગતના CLAUSE NO.: 17 (1) ~ ની બાબતો હેઠળનું છે.

સદર કેસમાં જે તે સમયે યોગ્ય કાર્યવાહી કરાયેલ હોત તો આ તકરાર ઉભી થાત નહિ. આમ, સદર બાબત ગંભીર બાબત હોય, સદર બેદરકારી બદલ - જવાબદાર અધિકારી / કર્મચારીઓ સામે કંપનીના નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરવી અને તેની જાણકારી ફોરમને કરવી.

૪.૧૧ ઉપરોક્ત મુદ્દા નં ૪.૯ અને ૪.૧૦ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.